# બાંધકામ સાઈટના સુપરવાઈઝરે ૪૨ હજાર કિલો લોખંડ સગેવગે કર્યું

## વે બ્રિજ પર વજન બાદ માર્ગ માં લોખંડના સળીયા નીકાળી દેતા હતા, ટ્રકવાળાઓને ફેરા દીઠ રૂપીયા ચુકવાતા હતા

ગાંધીનગર, તા.૨૨

હાલના સમયે ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારમાં બાંધકામ સાઈટો ધમધોકાર ચાલી રહી છે. ત્યારે બાંધકામ સાઈટ પર લોખંડના સળીયા ભરીને આવતી ટ્રકમાંથી બારોબાર લોખંડના સળીયા સગેવગે કરવાનું ચાલી રહેલા સુવ્યવસ્થિત કૌંભાડનો પર્દાફાશ ઈન્ફોસીટી પોલીસે કર્યો છે. જયારે પોલીસે લોખંડના સળીયા કૌંભાડમાં સંડોવાયેલ ચાર આરોપીઓને પણ પકડી પાડ્યા છે. અત્યાર સુધીમાં અંદાજીત ૪૮ હજાર કિલો લોખંડ સગેવગે થયા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે આ લોખંડના સળીયા કૌંભાડને પગલે શહેરની બિલ્ડર લોબી પણ ચોંકી ઉઠી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ કિસાન નગર પ્લોટ નં. ૬૦-૧ ખાતે રહેતા શંકરભાઈ મણીભાઈ ચૌધરી કુડાસણ ખાતે તેઓની બાંધકામ સાઈટ આવેલી છે. બાંધકામ માટે તેઓ ટ્રકમાં હજારો ટન લોખંડના સળીયા મંગાવતા હતા. લોખંડના સળીયા ભરીને આવતી ટ્રકનું વજન વે-બ્રિજ વજન કાટા ખાતે કરવામાં આવતુ હતું. પરંતુ સમય જતા માલુમ પડ્યું કે જુન-૨૦૨૧ થી અત્યાર સુધીમાં હજારો ટન લોખંડના સળીયા નિયત વજન કરતા ઓછા હતા. જે અંગે શંકરભાઈએ ગત તા.૨૦ ના રોજ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેથી પીઆઈ પી.પી.વાઘેલા તેમજ સ્ટાફના પીએસઆઈ એસ.આર.રાઠોડ અને જવાનોએ તપાસનો પ્રારંભ કર્યો હતો. જેમાં શંકરભાઈ દ્વારા મંગાવવામાં આવતી લોખંડની ટ્રકોની વિગત એકઠી કરીને કર્મચારીઓની પુછતાછ શરુ કરી હતી. જેથી આ કૌંભાડનો માસ્ટર માઈન્ટ પેથાપુર ખાતે રહેતો વિશ્વાસુ સુપરવાઈઝર વિશાલ રમેશભાઈ સરવૈયા હોવાનું સામે આવ્યું હતું. સળીયા ભરીને બાંધકામ સાઈટ પર ટ્રકો આવતી હતી. જેનું સુપરવિઝન વિશાલ કરતો હતો. જે તેના મળતિયાઓ સાથે મળી સમગ્ર નેટવર્ક ચલાવતો હતો. જેમાં ટ્રક ડ્રાઈવર સીયારામ કહાર, રાજેશ મીણા, અજયસિંહ મીણા ને પોલીસે પકડી પાડ્યા છે.


જયારે અત્યાર સુધીમાં લોખંડના સળીયા ભરીને આવેલી ૬૪ ટ્રકો પૈકી ૧૯ ટ્રકોમાંથી ૪૮ હજાર કિલો લોખંડના સળીયા માર્ગમાં જ સગેવગે કરીને રૂ.૩૦ લાખનું કૌંભાડ કર્યું છે. આ પ્રકરણમાં ટ્રકનો ડ્રાઈવર તેમજ ડભોડા રાયપુર ગામનો રિસિવર શૈલેશ સોલંકી પણ સંડોવણી બહાર આવી છે. આ ઉપરાંત ૩૭ ટ્રકોમાં ભરીને આવેલ લોખંડનું વજન કરવામાં નહી આવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. જયારે અડાલજ અંબિકા નામના વજનકાંટા પર આ ટ્રકોનું વજન થતુ હતું. ત્યારે બાદ માર્ગમાં જ સળીયા કાઢીને શૈલેશ સોલંકી વાહનોમાં ભરીને લઈ જતો હતો. જયારે ફેરા દીઠ ટ્રક ડ્રાઈવરને પણ રૂપીયા મળતા હતા. જયારે લોંખડ પ્રકરણમાં પોલીસે આરોપીઓની વધુ પુછતાછ શરુ કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત અપેક્ષિત કાર્યકરો અંબાજી ખાતે પ્રશિક્ષણ વર્ગમાં ગયા હોવાથી રાજકીય શાંતિનો માહોલ જોવા મળતો હતો.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના જન્મદિવસની ઉજવણી નિમિત્તે ભાજપ શહેર સંગઠન સેવાયજ્ઞ કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં ગૃહ રાજ્યમંત્રી સંઘવીએ હાજરી આપી હતી.
- રાજ્યના માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદીએ પણ તેમના જન્મ દિવસની સાદગીથી ઉજવણી કરી હતી.
- સેવાસેતુ જેવા મહત્વના કાર્યક્રમમાં પણ આજે એક-બે કાઉન્સીલરોને બાદ કરતાં કોઈ અગ્રણીઓ દેખાયા ન હતા.
- દહેગામ તાલુકાના કંથારપુરા ગામના ૩૬ વર્ષીય જયદીપસિંહ સોલંકીનું બિમારીને કારણે મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં ફરજ પરની તહેનાતી દરમ્યાન અવસાન થયુ છે. આર્મીમાં ફરજ બજાવતા સ્વ. જયદીપસિંહને આજે ગાર્ડ ઓફ ઓનર સાથે કંથારપુર ગામમાં અંતિમ વિદાય અપાઈ હતી.
- દિપાવલીના પર્વોમાં વહેલો પગાર કરવાના નિર્ણય પછી આઉટસોર્સિંગથી ફરજો બજાવતા કર્મચારીઓ અંગે સ્પષ્ટતા ન હોવાથી આ કર્મચારીઓમાં રોષની લાગણી જન્મી છે.
- સચિવાલય તેમજ તેમના વિભાગ હેઠળની કચેરીઓમાં ૪ વર્ષથી વધુ સમયથી એકજ હોદ્દા પર ફરજ બજાવતા કર્મચારીઓની બદલીના હુકમો કરવાની સરકારની સૂચનાથી દિપાવલી પર્વ સામુહિક બદલીપર્વ બનશે તેવી ચર્ચાઓ કર્મચારીઓમાં થઈ રહી છે.
- માહિતી ખાતામાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓ દ્વારા આજે બપોરની રિશેષના સમયે શરદ-પૂનમના ગરબાનું આયોજન કરાયુ હતુ.
- જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ઈટાદરા અને છત્રાલ ખાતે યોજાયેલ આયુર્વેદ નિદાન કેમ્પમાં આજે ૮૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન, બીજા ડોઝે પેટ્રોલ સો એ પહોંચ્યુ... હવે અમારે ત્રીજો ચોથો ડોઝ લેવાનો એવું નથી ને...?

## ચિલોડા જીઈબી ખાતે ડભોડા વિસ્તારના ખેડૂતોએ વીજ પ્રશ્ને આવેદનપત્ર આપી રજૂઆત કરી

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારના ચિલોડા, લવારપુર-ડભોડા, જાખોરા પંથકમાં એગ્રીકલ્ચર લાઈટ વારંવાર ટ્રુપીંગ તથા અનિયમિત છેલ્લા એક માસ કરતાં વધુ સમય ઉપરાંત ચિલોડા જીઈબી દ્વારા એગ્રીકલ્ચરર લાઈટ આઠ કલાકથી થ્રી ફેઈજ પાવર મળે છે. પરંતુ અચોક્કસ મુદતે લઈ લેવી પરિણામે ખેતરમાં પાણી પહોંચતા જીઈબી તરફથી થ્રી ફેઈજ પાવર બંધ કરી દેવો અને સાંજના ચાર વાગ્યાથી આઠ વાગ્યા સુધીમાં જે તે સમયમાં પશુપાલન વ્યવસાય કરતાં પશુપાલકો અને ગૃહીણીઓનું ઘરકામ, જમવાના સમયે વારંવાર લાઈટબંધ થઈ જવાથી ખેડૂતો ભારે હેરાન-પરેશાન ભોગવી રહ્યા છે.

# શહેરના સેક્ટર-૨ ખાતે રહેતા વડીલ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા

## વડીલના ખાતામાંથી ૧૧ ઓનલાઈન ટ્રાન્જેક્શન થયા અને રૂ.૪૯,૫૦૦ ટ્રાન્સફર થઈ ગયા

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેક્ટર-૨ ડી ખાતે રહેતા નિવૃત કર્મચારીના આઈસીઆઈસીઆઈ ના એકાઉન્ટમાંથી ૧૧ ઓનલાઈન ટ્રાન્જેક્શન કરીને રૂ.૪૯,૫૦૦ ટ્રાન્સફર કરીને છેંતરપિંડી આચરતા કર્મચારીએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેક્ટર-૨ ડી પ્લોટ નં.૧૭૧૦-૧ ખાતે રહેતા નિવૃત કર્મચારી અનિલકુમાર દિનુભાઈ વ્યાસ પોતાના પરિવાર સાથે રહે છે અને નિવૃત જીવન પસાર કરે છે. આઈસીઆઈસીઆઈ બેંકમાં તેઓનું સેંવીગ એકાઉન્ટ આવેલ છે. ગત તા.૩-૭-૨૧ ના રોજ વડીલ કામઅર્થે સેક્ટર-૧૬ ખાતે ગયા હતા.જયારે પૈસાની જરુર પડતા તેઓએ એટીએમથી પૈસા ઉપાડવાનો પ્રયત્ન કર્યો હતો.પરંતુ પૈસા ઉપડ્યા ન હતા. જેથી બેલેન્સ ચેક કરતા માત્ર રૂ.૫,૨૫૦ હતું. ત્યારે પાસબુકમાં એન્ટ્રી પડાવતા તા.૧૪-૬ થી ૨-૭-૨૧ દરમિયાન ૧૧ ઓનલાઈન ટ્રાન્જેકશન થયા હતા અને વડીલના ખાતામાંથી રૂ.૪૯,૫૦૦ ઉપડી ગયા હતા.જયારે વડીલને પૈસા ઉપડી ગયાનો મેસેજ પણ આવ્યો નથી. બેંક મેનેજરને ફરીયાદ કરતા ઓનલાઈન ટ્રાન્જેકશન દ્વારા વડીલના એકાઉન્ટમાંથી રૂપીયા ટ્રાન્સફર થયાનું જણાવ્યું હતું. જયારે વડીલે બેંકમાં અરજી કરતા બેંક દ્વારા વડીલના એકાઉન્ટમાં તા.૨૯-૭૨૧ ના રોજ અલગ-અલગ ટ્રાન્જેકશનથી કુલ રૂ.૪૯,૫૦૦ ટેમ્પરરી ક્રેડીટ (લીયન) તરીકે જમા કર્યા હતા. પરંતુ બાદમાં બેંક દ્વારા તા.૧-૯-૨૧ ના રોજ જમા કરાવેલ રૂ.૪૯,૫૦૦ ડેબીટ કરી લીધા હતા. બેંકમાં તપાસ કરતા વડીલને કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. વડીલે તા.૧૪-૬-૨૧ ના રોજ બેંકની મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરી હતી. આ એપ્લીકેશન દ્વારા તે જ દિવસે વડીલે તેમની દિકરી ભુમિના એકાઉન્ટમાં રૂ.૧૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ કોઈ ટ્રાન્જેકશન કર્યું નથી કે કોઈને ઓટીપી નંબર આપ્યો નથી. તેમ છતા રૂપીયા જતા બેંકમાં રજુઆત કરવા છતા બેંક તરફથી કોઈ હકારાત્મક જવાબ ન મળતા વડીલે પોલીસ ફરીયાદ નોધાવી છે.

# રીઢા ઘરફોડ ચોરને પાસા હેઠળ ભુજ જેલ મોકલી અપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં ગુન્હાહિત અસામાજીક પ્રવૃતિ આચરતા શખ્સોની પાસા હેઠળ કાર્યવાહી કરવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા અસરકારક પાસા દરખાસ્તો તૈયાર કરવા માટે જિલ્લાના તમામ અધિકારીઓને સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૨ દ્વારા જિલ્લામાં ૭ ઘરફોડ ચોરીને અંજામ આપનાર રીઢો ઘરફોડ ચોર રવિ દલસુખભાઈ દંતાણી (રહે. કોબા સર્કલ આંબાવાડીમાં સુઘડ ડેરીની પાછળ કોબા) ની વિરુધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. એલસીબી-૨ દ્વારા આ દરખાસ્ત મેજીસ્ટ્રેટ ગાંધીનગરને મોકલી આપી હતી. જેથી જિલ્લા મેજીસ્ટ્રેટ ડો.કુલદીપ આર્યએ રવિ દલસુખ દંતાણીનું પાસા વોરંટ ઈશ્યુ કર્યુ હતું. આ અંગેની કાર્યવાહી એલસીબી-૨ ના પીઆઈ જે.એચ.સિંઘવને સોંપવામાં આવી હતી.ત્યારે આરોપી સાબરમતિ જેલમાંથી મુકત થઈને અમદાવાદ ફરતો હતો.જેને પગલે પોલીસે વોરંટ બજવણી કરીને આરોપી રવિ દલસુખ દંતાણી ને પકડી પાડી આરોપીને ભુજની જેલ ખાતે પાસા હેઠળ મોકલી આપવામાં આવેલ છે.

# આજથી ગાંધીનગરમાં બે દિવસીય નાગર સ્પોર્ટસ ક્લબની ક્રિકેટ ટૂર્નામેન્ટ

ગાંધીનગર, તા. ૨૨

નાગર સ્પોર્ટસ ક્લબ દ્વારા આજથી ગાંધીનગર ખાતે ઓપન નાગર સિઝન બોલ ક્રિકેટ સ્પર્ધા યોજાશે.

ક્લબના અગ્રણી તરંગ હાથી, વત્સલ વોરા, જય વોરા, નિરવ બંજારિયા અને તૃલિત ધૃ એ જણાવ્યું છે કે ૨૩ અને ૨૪ ઓક્ટો.ના રોજ યોજાનાર આ સ્પર્ધામાં ૭ ટીમોએ ભાગ લીધો છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, જુનાગઢ, રાજકોટ, જામનગર અને વડોદરાની ટીમનો સમાવેશ થાય છે.

આ માટે બે ગ્રાઉન્ડ નિયત કરવામાં આવ્યા છે. સ્પોર્ટસ એકેડેમી સે. ૮નું મેદાન તેમજ કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલનું મેદાન છે. આ ટૂર્નામેન્ટ ૧૨ ઓવરની રહેશે. ફાયનલ સ્પર્ધા ૧૫ ઓવરની રહેશે.

તેમણે કહ્યુ હતુ કે આ ટૂર્નામેન્ટનો પ્રારંભ નિખિલ દેસાઈ, ઉલ્લાસ વોરા, અમિતભાઈ બુચ, અતુલભાઈ બક્ષી દ્વારા કરાવવામાં આવશે. આ ટૂર્નામેન્ટ દરમ્યાન શહેરના નાગર અગ્રણીઓ પણ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા પધારનાર છે. બે દિવસની આ ટૂર્નામેન્ટના આયોજન પછી આગામી દિવસોમાં વિવિધ રમતોની સ્પર્ધાનું પણ આયોજન હાથ ધરવામાં આવશે.



સફાઈ કામદારોને વેતન બાબતે અન્યાય કરવામાં આવે છે. હાજરી પ્રમાણે તેઓનો પગાર કરવામાં ન આપતા જુના સચિવાલય ખાતે સફાઈ કામદારોએ સૂત્રોચ્ચાર કરી પોતાની રજૂઆત કરી હતી.

# રણાસણ નીલકંઠ હોટલની સામે પાર્ક કરેલુ બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૨

રણાસણ સર્કલ પાસે એટલાન્ટા ટાવરમાં આવેલી નીલકંઠ હોટલની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ બાઈકની ચોરી થવા પામી છે. સફાઈ કામદારના બાઈકની ચોરી થતા આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. તેમ છતા બાઈક ન મળી આવતા બાઈક માલિકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાતા તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા સોમેશ્વર પાર્ક ડી-૨ ખાતે રહેતા પ્રદિપ સુરેશભાઈ સોલંકી (ઉં.૨૬) રણાસણ સર્કલ પાસે આવેલ એટલાન્ટા ટાવરની ઓફિસો તેમજ હોટલોમાં સફાઈ કામદાર તરીકે તેઓ અને તેમના પત્ની કામ કરે છે. ગત તા.૨૦ ઓકટોબરના રોજ સવારે ૯ વાગે ઘરે થી નીકળી રણાસણ સર્કલ પાસે નીલકંઠ હોટલ સામે ખુલ્લી જગ્યામાં બાઈક પાર્ક કરીને કામ કરવા માટે ગયા હતા. જયારે બપોરના ત્રણ વાગ્યાના અરસામાં પ્રદિપના મોટાબાપાનો દિકરો નોકરી પર આવ્યો હતા. તેણે જણાવ્યું કે તમારુ બાઈક પાર્ક કરેલી જગ્યા પર દેખાયુ નથી. જેથી પ્રદિપભાઈએ સ્થળ પર જઈને તપાસ કરી તો બાઈક જણાયુ ન હતું. બાઈક અંગે પોતાની રીતે શોધખોળ કરવા છતા મળી ન આવતા આખરે બાઈકનો કોઈ દુરઉપયોગ ના કરે તે માટે બાઈક માલિકે ડભોડા પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સાતમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયા

## રાયસણ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૩૬૫ અરજીઓ આવી : તમામ અરજીઓનો નિકાલ

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આજથી સાતમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો આરંભ જાન્યુઆરી, ૨૦૨૨ સુધી નક્કી થયેલી તારીખે અલગ અલગ સ્થળે આ કાર્યક્રમ યોજાશે.

મેયર હિતેષ મકવાણે ઉમેર્યું લાભાર્થીઓ સાથે સીધો સંવાદ પણ તમામ મહાનુભાવોએ કર્યો હતો. આ કાર્યક્રમ માટે તેમના અનુભવ તેમના સ્વમુખે સાંભળ્યા હતા.



કરવામાં આવ્યો હતો. રાયસણના સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આજરોજ રાયસણ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૩૬૫ અરજીઓ આવી હતી. તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સાતમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો આરંભ કરાવી ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે આજથી સમગ્ર રાજય સહિત ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લામાં સાતમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. આગામી તા. ૫મી હતું કે મહાનગરપાલિકાના પ્રજાજનોને મળવા પાત્ર લાભ સહાય ઘર આંગણે મળી રહે તેવા ઉમદા જનસેવા ભાવથી આ સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરાઈ રહ્યું છે. આ કાર્યક્રમ થકી સરકારના ૩૦ વિભાગોની ૫૬ જેટલી સેવાઓ એક સાથે અહીંથી લાભાર્થી લાભ લઈ શકે છે. આ સેવાસેતુ કાર્યક્રમના કારણે નાગરિકોના કચેરી સુધીના ધક્કા પણ બચી ગયા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલે વિવિધ વિભાગના સહાય ટેબલોની મુલાકાત લીધી હતી. કઈ રીતે લાભાર્થીઓને લાભ અપાય છે, તેની માહિતી મેળવી હતી. તેમજ

આ પ્રસંગે તમામ મહાનુભાવોના હસ્તે પ્રતિકાત્મક રૂપે પાંચ લાભાર્થીઓને તેમને મેળવેલ લાભોના પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નાયબ મ્યુનિસિપલ કમિશનર પી.એસ. દવે સહિત મહાનગરપાલિકાના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે પ્રશિક્ષણ શિબિર યોજાયો

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ આયોજિત જન પ્રતિનિધિઓને પરિવાર કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓ માટે પ્રશિક્ષણ શિબિર (વર્કશોપ) યોજાયો હતો. જેમાં પ્રમુખ દિલિપભાઈ પટેલ, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતિ મીનાબેન એલ. ઠાકોર સૌ ચેરમેનો અને સદસ્યો હાજર રહ્યા હતા.

## મિત્રને પણ ગાડી આપતા ચેતજો...

# ફરવા માટે ગાડી લઈને મિત્રએ રૂ.૪.૫૦ લાખમાં ગીરવે મુકી

ગાંધીનગર, તા.૨૨

મિત્રને મિત્રતા પર થી વિશ્વાસ ઉઠી જાય અને મિત્રતા લજવાય તેવો કિસ્સો શહેરમાં બનવા પામ્યો છે. મિત્ર પોતાના મિત્ર માટે જાન પણ ન્યોછાવર કરી દેતા હોય છે. ત્યારે પાટનગરમાં અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં ફરવા જવા માટે મિત્રની કાર લઈને બારોબાર અમદાવાદ બોપલના શખ્સ પાસે કાર રૂ.૪.૫૦ લાખમાં ગીરવે મુકી દેતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

કુડાસણ ખાતે રહેતા યુવકને મિત્રતા નિભાવવી ભારે પડી છે. સેકટર-૭ બી પ્લોટ નં.૫૬૦-૧ ખાતે સાસરી ખાતે રહેતા પ્રવિણા જીગરકુમાર ગઢવીના પિતા અવસાન પામ્યા છે. જેના પિયરમાં માતા અને બહેન-ભાઈ છે. પ્રવિણાબેન સિવિલ સર્વિસની પરિક્ષાની તૈયારી કરી રહ્યા છે. પ્રવિણા બેનના ભાઈ નરેશને કાર લેવાની હતી. પરંતુ તેના નામે કારની લોન થઈ શકતી ન હતી. જેથી પ્રવિણાબેને પોતાના નામ પર નરેશને સ્વીફટ કાર લઈ આપી હતી. જેના હપ્તા નરેશ ભરતો હતો. આજથી દોઢ માસ અગાઉ પ્રવિણા પોતાના પિયર કુડાસણ ખાતે ગયા હતા. તે સમયે કાર જોવા મળી ન હતી. પ્રવિણાબેને કાર અંગે નરેશને પુછપરછ કરી હતી. તે સમયે નરેશ જવા આપ્યો હતો કે પંદર દિવસ પહેલા રિલાયન્સ ચાર રસ્તા પાસે પાનના ગલ્લા પર ઉભો હતો તે સમયેતેનો મિત્ર કિર્તન ભરતભાઈ રાવ આવીને બે ત્રણ દિવસ માટે બહાર ગામ જવાનું કહીને કાર લઈ ગયા હતો. બાદમાં પ્રવિણાબેને તપાસ કરતા માલુમ પડ્યું હતું કે કિર્તન રાવે આ કાર બોપલના સુખદેવ રબારી પાસે રૂ. ૪.૫૦ લાખમાં પૂર્વ મંજુરી વિના જ ગીરવે મુકી દીધી છે. જેને પગલે પ્રવિણાબેનની ફરીયાદને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકે તપાસ હાથ ધરી છે.

# સે-૨૩ની બી.એસ.સી કોલેજ ખાતે સર્વ નેતૃત્વ ગૃપનો ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલીત શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ચારિત્ર્ય નિર્માણ અને જાગૃત નાગરિકો તૈયાર થાય તે હેતુથી ચાલતા સર્વ નેતૃત્વ ગૃપના ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં વક્તા તરીકે પ્રોફેસર ડો. ધર્મેન્દ્ર પટેલે ઉપસ્થિત રહી સર્વ નેતૃત્વના ઉદ્દેશ, વિવિધ પ્રવૃત્તિઓ અને પરિણામની વિગતે ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. કેયુર શાહના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, જેમાં બી.એસ.સી. ના પ્રથમ વર્ષના ૧૨૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા સાથે કોલેજના વાઈસ પ્રિન્સિપલ ડૉ. ચેતન સંઘાણી, એચ.ઓ.ડી. ડૉ. હેમંત પટેલ અને અન્ય પ્રધ્યાપકો પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર કુશલ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.



**જાહેર નિવિદા નં. ૦૯ સને ૨૦૨૧-૨૦૨૨**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(વિજળીકરણ કામના અને અનુભવી ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬. દ્વારા વિજળીકરણને લગતા ૧૩ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૪૯,૯૫૧.૫૫ થી ૯૯,૯૮૩.૯૪ છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૯/૧૦/૨૦૨૧ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી છે. રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી ટેન્ડર પરત મેળવવાની તા. ૮/૧૧/૨૦૨૧ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. માહિતી/૧૩૪૪/૨૧-૨૨

**ઓનલાઈન ટેન્ડર**
**જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, જોરાવર પેલેસ, પાલનપુર-૩૮૫૦૦૧ ફોન નં. (૦૨૭૪૨) ૨૫૨૪૩૦ની કચેરીએથી રસ્તા તથા પુલોને લગતા ૧૦ (દશ) કામો છે જેની અંદાજી રકમ રૂ. ૪.૪૦ લાખથી રૂ. ૫૬૨૮.૭૮ લાખની છે. જેમાં ક્રમ નં.૧ માટે 'એએ' વર્ગ અને ખાસ કક્ષા-ન (રસ્તા), ક્રમ નં. ૨ અને ૩ માટે 'એ' વર્ગ અને ખાસ કક્ષા-ના રસ્તા તથા પુલો અને ઉપરના, ક્રમ નં. ૪ માટે 'બી' વર્ગ અને ખાસ કક્ષા-ના (પુલો), ક્રમ નં. ૫ 'સી' વર્ગ અને ઉપરના, ક્રમ નં. ૬ થી ૮ માટે 'ડી' વર્ગ અને ખાસ કક્ષા-ના (પુલો) અને ઉપર, ક્રમ નં. ૯ થી ૧૦ માટે 'ઈ-૨' વર્ગ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ દ્વારા ટેન્ડરો માંગવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૨/૧૦/૨૦૨૧ અને ત્યારબાદ જોઈ શકાશે, અને ડાઉનલોડ કરી શકાશે. હવે પછીના કોઈપણ સુધારા ઓનલાઈન જોઈ લેવાના રહેશે.

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે તથા નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર પણ જોઈ શકાશે.
નં.નામાનિ/પાલન/૩૭૮/૨૦૨૧-૨૦૨૨